ત્રીય શાહ કરણે કરેલા મહોત્સવપૂર્વક દઈ નામ જિનરાજસૂરિ રાખ્યું. પછી તેમણે ભણશાલી થેરૂ શાહે ઉદ્ધાર કરેલા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના ચૈત્યની પ્રતિષ્ઠા જેસલમેરમાં કરી. (જુઓ પ્રશસ્તિ, જેસલમેરના પુસ્તક-ભંડારની સૂચિ, ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝ) ત્યાર બાદ સં.૧૬૭૫ વૈશાખ શુદ ૧૩ શુક્રવારે અમદાવાદના પોરવાડ સંઘપતિ સોમજીના પુત્ર રૂપજીએ શત્રુંજય પર બનાવેલા ચતુર્મુખ દેવાલયમાં શ્રી ઋષભ ચોમુખજી આદિ ૫૦૧ જિનબિંબોની પ્રતિષ્ઠા કરી. (જુઓ લેખાંક ૧૪થી ૨૦, ૨૩ અને ૨૪ મુનિ શ્રી જિનવિજયજી સંપાદિત પ્રાચીન જૈન લેખસંગ્રહ ભાગ બીજો) તે સિવાય બીજાં ઘણાં સ્થળોએ જિનબિંબની પ્રતિષ્ઠા ને સ્થાપના કરી. સં.૧૬૮૨ના શત્રુંજય પર શિલાલેખ માટે જુઓ લેખાંક ૨૬, સં. ૧૬૭૭ના મેડતાના મંદિરમાંના લેખ માટે જુઓ લેખાંક ૪૩૪, ૪૩૯ ઉપરોક્ત સંગ્રહ. આચાર્યને અંબિકા દેવીએ વરદાન આપ્યું હતું. તેમણે ઘંઘાણી નગરમાં ઘણો વખત થયાં જમીનમાં રહેલી પ્રતિમાને પ્રશસ્તિના અક્ષરો જોઈને પ્રકટ કરી હતી. તેમણે તર્ક, વ્યાકરણ, છંદ, અલંકાર, કોશ કાવ્યાદિનો સારો અભ્યાસ કર્યો હતો, તથા શ્રી હર્ષના 'નૈષધીય મહાકાવ્ય' પર 'જૈનરાજી' નામની સંસ્કૃત ટીકા રચી હતી. એમના વખતમાં ખરતરગચ્છમાં સં.૧૬૮૬માં જિનસાગરસૂરિથી લઘુ આચાર્ય ખરતર શાખા નીકળી. પોતે સં.૧૬૯૯ના અષાઢ શુદિ નવમીને દિવસ પાટણમાં સ્વર્ગે ગયા. તેમની પછી તેમના પટ્ટધર (૬૪મા) જિનરત્નસૂરિ થયા. સં.૧૬૭૭ ૧૬૮૬–૮–૯૦ના શિલાલેખો તેમના મળે છે. (નાહર) તે પૈકી સં.૧૬૭૭-માં એક લેખમાં આ પ્રમાણે જણાવ્યું છે: શ્રી બૃહત્ખરતરગચ્છાધીશ્વર સાધૂપદ્રવવારક પ્રતિબોધિત સાહિ શ્રીમદ્અકબરપ્રદત્ત યુગપ્રધાનપદધારક શ્રી જિનચંદ્રસૂરિ જહાંગીર સાહિ પ્રદત્ત યુગપ્રધાનપદધારક શ્રી જિનસિંહસૂરિ-પટ્ટ પૂર્વાચલ સહસ્રકરાવતાર પ્રતિષ્ઠિત શ્રી શત્રુંજયાષ્ટમોદ્ધાર શ્રી ભાણવટ નગરશ્રી શાંતિનાથાદિ બિંબ પ્રતિષ્ઠા સમયનિરત્સુ(ત્ર)ધાર શ્રી પાર્શ્વપ્રતિહાર સકલભટ્ટારકચક્રવર્તિ શ્રી જિનરાજસૂરિ શિરઃશૃંગારસારમુકુટોપમાન-પ્રધાનૈઃ.

તે જ વર્ષના બીજા લેખમાં એમ છે કે:...શ્રી જિનસિંહસૂરિ-પટ્ટોત્તંસલબ્ધશ્રી અંબિકાવરપ્રતિષ્ઠિત શ્રી શત્રુંજયાષ્ટમોદ્ધાર પ્રદર્શિત ભાણવડ મધ્યે પ્રતિષ્ઠિત શ્રી પાર્શ્વપ્રતિમા પીયૂષવર્ષણ પ્રભાવ બોહિત્થ-વંશમંડન ધર્મસી ધારલદે નન્દન ભટ્ટારકચક્રવર્ત્તિ શ્રી જિનરાજસૂરિદિન-

કરૈઃ આચાર્યશ્રી જિનસાગરસૂરિ પ્રભૃતિ યતિરાજૈઃ પ્રતિષ્ઠિતં ભટ્ટારક પ્રભુ શ્રી જિનરાજસૂરિપુરંદરૈઃ શ્રી મેડતા નગર મધ્યે.

સં.૧૬૮૬ અને ૮૮ના લેખમાં ઉ. અભયધર્મ હતા, અને સં.૧૬૯૦-ના લેખમાં પોતાની સાથે ઉ.કમલલાભ, પં.લબ્ધકીર્તિ, પં.રાજહંસ વગેરે પરિવાર હતો એમ જણાવ્યું છે.

**(૧૪૫૫) [+] ૧૪ ગુણસ્થાન બંધ વિજ્ઞપ્તિ [પાર્શ્વનાથ] સ્ત.**
૧૯ કડી ર.સં.૧૬૬૫ માગશર વદ ૮

**આદિ** – નમિય સિરિ **પાસ** જિન સુજન પડિબોહગં
**કણયગિરિ** અચલ **જેસલ** નયર સોહગં.
ચૌદ ગુણઠાણ ઉત્તર પડિબંધ એ,
હેતુ કરિ સહિત હું કહિસુ સુહ સંધ એ. ૧

**અંત** – કલશ

ઈય **બાણ રસ સસિકલા** વચ્છરિ સહ કસિણ દશમી દિને,
ગુણઠાણ ચવદે કમ્મપયડીબંધ વિવર્યો સુભ મને,
**જિનચંદ જિનસિંહસૂરિ સીસે રાજસમુદે** સંથુઓ
સિરિ **પાસ** જિણવર ભુવણ દિણયર સયલ અતિસય સંથુઓ. ૧૯

(૧) શ્રી જિનરાજ ગણાધિપ વિહિત સ્તવ પર હર્ષસાર શિ. ઉ. શિવનિધાને સંગ્રામપુરના શ્રાવકની વિનતિથી જીવરાજની પત્ની જીવાદેના સુબોધાર્થે ગુ.માં કરેલા વિવરણની પ્રથમાદર્શ પ્રતિ સં.૧૬૯૨ આષાઢ શુદ ૩ પુષ્પે કનકોદયે લખી સં.૭૦૧૬ (? ૧૭૦૬) વર્ષે રાજનગરે યુગપ્રધાન જિનચંદ્રસૂરિ શિ. વા. ભુવનમેરગણિ લઘુભ્રાતા પં. સુમતિરંગેણ લિ. શિ. જયકુશલ વાચનાર્થં કા.શુ.૧૩ ભૌમે ભ. જિનસાગરસૂરિરાજ્યે. વેબર. નં.૧૯૬૨. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. જિનરાજસૂરિ કૃતિ કુસુમાંજલિ.]

**(૧૪૫૬) + શાલિભદ્રમુનિ ચતુષ્પદિકા(રાસ)** [અથવા **ચરિત્ર** અથવા **શાલિભદ્રધન્ના ચોપાઈ**] ર.સં.૧૬૭૮ આસો વદ ૬

**આદિ** – દૂહા.

સાસણનાયક સમરીયઇ, **વર્દ્ધમાન** જિનચંદ
અલિય-વિઘન દૂરઈ હરઈ, આપઇ પરમાણંદ. ૧
સહૂકો જિનવર સારિષા, પિણ તીરથધણી વિશેષ,
પરણીજઇ તે ગાઇયૈ, લોકનીતિ સંપેષિ. ૨